# 16

**ફાર્મા કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની બનાવટ અને વેચાણ**

***15/4/2582 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ફાર્મા કંપનીઓ ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની ગેરકાયદેસર બનાવટ અને વેચાણ કરે છે તે હકીકત સાચી છે, | (૧) | ના જી. |
| (૨) | જો હા, તો ઉક્ત વર્ષવાર કઇ કંપની કેવા પ્રકારનું ગેરકાયદેસર ડ્રગ્સ અને નશાયુક્ત દવા બનાવતી હોવાનું સામે આવ્યું, | (૨) | લાગુ પડતું નથી. |
| (૩) | તે અન્વયે કઇ કંપની સામે શા પગલાં લીધા, અને | (૩) | લાગુ પડતું નથી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ ફાર્મા કંપનીઓમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને દવાનું ઉત્પાદન ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | તંત્રના અધિકારીઓ દ્વારા ફાર્મા કંપનીઓમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને દવાનું ઉત્પાદન ન થાય તે અર્થે ઔષધ વિક્રેતાઓ અને ઉત્પાદક પેઢીઓની તપાસ કરી તેઓના રેકોર્ડની સઘન ચકાસણી કરી જરૂર જણાય તો દવાઓના નમુનાઓ ગુણવતાની ચકાસણી અર્થે લેવામાં આવે છે અને લેવાયેલ દવાઓના પૃથ્થકરણ વાસ્તે મોકલવામાં આવે છે. જો આવો કોઇ દવાનો નમૂનો પૃથ્થકરણમાં નકલી સાબિત થાય તો જે તે દવાના વિતરક અને ઉત્પાદક પેઢી સામે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

---------------